ISSN: 2319-202X

# સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

**ડૉ. જિજ્ઞેશ બી. પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
મો. ૯૪૨૯૪૨૯૫૫૦ Email:- jig_har@yahoo.com

સારા શિક્ષણ માટે શિક્ષક શાળામાં અનેક પ્રવૃત્તિઓ હાથ ધરે છે. જો શિક્ષક શાળામા મોટા ભાગનો સમય વિદ્યાર્થીઓને શિખવવા પાછળ પસાર કરે તેમ છતાં તે અસરકારક અને શ્રેષ્ઠ શિક્ષક બની શકે ? શાળામા વિદ્યાર્થીઓ અસરકારક રીતે શીખી શકે તેવું વાતાવરણ ઉભુ કરી શકે છે ? ના. આ ઉપરાંત, શિક્ષકે શાળામાં પોતાની જવાબદારી ના ભાગરુપે અન્ય કાર્યોં પણ કરવાના હોય છે.જે શિક્ષક કરે છે.

વિંદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આથી આ પ્રવૃત્તિઓ દ્વારા શાળા સમિતિનો ઇરાદો વિદ્યાર્થીઓને પોતાની સિદ્ધિ માટે પ્રોત્સાહન પૂરું પાડવાનો છે.

**સંકલ્પના:**

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ આ શબ્દ જ સૂચિત કરે છે કે એવી પ્રવૃત્તિઓ કે જે અભ્યાસક્રમ અને અધ્યયન પ્રક્રિયાને સબળ બનાવે છે. આ સિવાય અધ્યેતાના માનસિક સાંવેગિક, ભાષાકિય, શારીરિક, સામાજિક અને નૈતિક વિકાસને ગતિ પ્રદાન કરે એવી પ્રવૃત્તિઓ. સહઅભ્યાસ પૂરક પ્રવૃત્તિઓ એક કાર્યક્રમ અથવા વર્ગ બહારની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખી સ્કૂલ દ્વારા કરેલ ધિરાણ છે જે અભ્યાસક્રમ સંબધિત અભ્યાસ અને અક્ષરજ્ઞાન અનુભવો પૂરા પાડવા તરીકે વ્યાખ્યાયિત કરેલ છે.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ એ સ્વૈરિછક છે. તે નિયમિત નથી કે નિયમિત અભ્યાસક્રમનો ભાગ પણ નથી. સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં કલબ, સંગઠનો અને શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થી માટે પ્રયોજિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અગાઉ ઇતર પ્રવૃત્તિઓ તરીકે ઓળખાતી હતી આવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વિશ્વના કેટલાંક ભાગોમાં શૈક્ષિણિક સંસ્થાઓ દ્વારા શાળા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવે છે.શિક્ષણ વર્ગખંડમાં જે મૂલ્યો કૌશલ્યો અને વલણો ખીલવી નથી શકતા તે મૂલ્યો, કૌશલ્યો અને વલણો સહઅભ્યાસ પ્રવૃત્તિ દ્વારા ખીલવી શકે છે. સિંગાપુરમાં શિક્ષણનીતિ મંત્રાલય જે માને છે કે વધારાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં વાતચીત, નેતૃત્વ, તંદુરસ્તી, મનોરંજન, સ્વ-શિસ્ત અને આત્મવિશ્વાસ વધારવા કરાવવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે સંગીત, ચિત્ર, નાટ્યકલા, એથ્લેટિક્સ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી ખૂબ જ જરૂરી છે.

વાસ્તવમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ શાળા હવામાનને સ્વસ્થ, આનંદપ્રેરક અને મુક્ત પ્રકારનું બનાવવામાં મદદરૂપ થાય છે. આટલા મહત્ત્વને લક્ષમાં લઇને

રાષ્ટ્રીય શિક્ષણપંચે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓને વિદ્યાર્થીઓને માટે "આત્માનુભૂતિ" અને "આત્માભિવ્યક્તિ"નું સાધન ગણ્યું છે. એટલું જ નહિ પણ તેણે ભલામણ કરી છે કે વિદ્યાર્થીના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસના હેતુસર દરેક શાળાએ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યા કરવું જોઇએ.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓનો ખ્યાલ:**

સહઅભ્યાસ પ્રવૃત્તિઓની જરૂરી ચર્ચા પહેલાં તેનો ખ્યાલ નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય છે. ચાર દાયકા પહેલાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓને તુલાનાત્મક રીતે વ્યાખ્યાયિત  કરવી સરળ હતી. કારણ કે તેમાં બધા જ પ્રકારના આયોજન હતાં. શિક્ષકોને  પોતાને અને સંચાલકો પાસેથી સરખામણીમાં ઓછી મદદ સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી શકાતું હતું. તે સમય દરમિયાન સાધનો પણ ઓછા હતાં. સત્તાવાર માન્યતા પણ ઓછી આપવામાં આવતી હતી.

આજે તે મુશ્કેલ છે કારણ કે અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ માટે તમામ શિક્ષકોને તેમની સંસ્થા માટે અમુક ચોક્કસ જવાબદારી હોય છે.ઘણા પૂર્ણ સમયના શિક્ષકોને સહઅભ્યાસ પ્રવૃત્તિ માટે શાળાના ઓરડાઓ, સમય, સાધનો, સામગ્રી પણ પૂરી પાડવામાં આવે છે અને તેને માન્યતા પણ આપેલી છે.

ટૂંકમાં, એમ કહી શકાય કે અત્યારના શિક્ષણ વિચારકો અનુસાર અભ્યાસક્રમ માત્ર શિક્ષણ અને વર્ગખંડમાં શીખવવા પૂરતું નથી. તેમાં પણ શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચેના અસંખ્ય અનૌપચારિક સંબંધો દ્વારા રમતના મેદાનમાં વિવિધ રમતો અને  વર્કશોપનો સમાવેશ થાય છે. આ અનૌપચારિક સંપર્કોમાં પણ ઘણી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ છે તે સંસ્થા અને અભ્યાસક્રમનો એક ભાગ છે. સહઅભ્યાસ અને વધારાની અભ્યાસેતર પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ કે જે વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓ પૂરી પાડે છે અને તેમના અનુભવોનાં વિસ્તૃતીકરણમાં મદદરૂપ બને તે તેનો એક અભિન્ન ભાગ છે.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓના પ્રકાર:**

સહઅભ્યાસિક પ્રવૃત્તિ શાળા સ્તરે અને વિદ્યાર્થી કક્ષાએ ખૂબ ઉપયોગી છે. શાળા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ભિન્ન ભિન્ન રૂપે કરે છે. આ પ્રવૃત્તિઓનું વર્ગીકરણ આ મુજબ થઈ શકે છે.

**સાહિત્યિક પ્રવૃત્તિઓ:**

સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને સાહિત્યિક જ્ઞાન આપવામાં આવે છે. સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વિવિધ વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવી તેમને સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક જ્ઞાન આપી શકાય છે.જેમ કે શાળાના મેગેઝીન બુલેટીન બોર્ડ, વાર્ષિક અંક વગેરે વિદ્યાર્થીઓને અસરકારક રીતે લખવાની કળા શીખવે છે.

આથી પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે ડિબેટ અને ચર્ચા, વિષય મુજબના સંગઠન, શાળાના મેગેઝીન, નાટ્યીકરણ, અભ્યાસ વર્તુળ, વાર્તાલેખન, સેમિનાર, કવિસંમેલન, વાર્ષિક અંક વગેરેનો સમાવેશ થાય છે.

**શારીરિક વિકાસની પ્રવૃત્તિઓ:**

આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓનો શારીરિક વિકાસ કરે છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો ભૌતિક વિકાસ પણ શક્ય બને છે. આથી પ્રવૃત્તિઓ ઘરની અંદર પણ રમી શકાય છે અને ઘરની કે શાળાની બહાર પણ રમી શકાય છે. આવી પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે શાળામાં રમાતી રમતો, શાળા બહાર રમાતી પ્રવૃત્તિઓ, એથ્લેટિક્સ, પરેડ, એન.સી.સી, વ્યાયામ, યોગ, સાંધિક રમતો વગેરે રમતોનો સમાવેશ થાય છે.

**કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસની પ્રવૃત્તિઓ:**

કેટલીક સહભ્યાસપ્રવૃત્તિઓનું જબરદસ્ત મૂલ્ય હોય છે કારણ કે તેઓ આપણાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાઓની સમજણ માટેની જરૂરી તકો  પૂરી પાડવામાં મદદરૂપ થાય છે અને આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની પોતાનામાં રહેલી વિવિધ કલાઓનો પણ વિકાસ થાય છે.

આવી પ્રવૃત્તિઓમાં નાટ્યશાસ્ત્ર, ગીત, નૃત્ય, લોકસંગીત, પ્રદર્શનો, વિવિધ ધાર્મિક ઉજવણી અને સામાજિક તહેવારો વગેરેનો સમાવેશ થાય છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને સંસ્કૃતિની યોગ્ય સમજ પૂરી પાડે છે. બધા વિદ્યાર્થીઓમાં એવી ભાવના દૃઢ થાય છે કે અમારી ભાષા, સંસ્કૃતિ, ખોરાક, પહેરવેશ વગેરે ભલે અલગ-અલગ હોય પરંતુ અમે એક જ બહ્માંડના માણસો છે. આમ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમજણ વિકસાવવામાં પણ મદદ કરે છે.

**નગરવિકાસની પ્રવૃત્તિઓ:**

જૂથ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ફરજ બજાવવાના મૂલ્યોનો વિકાસ થાય છે. આ પ્રવૃત્તિઓ સારા નાગરિકત્વ માટે  વિદ્યાર્થીઓને તૈયાર કરે છે. આવી પ્રવૃત્તિઓમાં એન.સી.સી. અને એન.એસ.એસ. વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. તે વિદ્યાર્થીઓમાં સહનશક્તિ, આત્મા, સ્વસ્થ  વિનિમય  વિકાસ, વિચારો, સારી લાગણી, પહેલવૃત્તિ અને નેતૃત્વ જેવા ગુણો વિદ્યાર્થીઓમાં વિકસાવે છે.શાળાએ નાનો સમાજ છે.અને શાળાની પ્રવૃત્તિઓ સમાજની પ્રવૃત્તિઓ સાથે સંબંધ ધરાવે છે.તેમની ભાવનાઓનો વિકાસ થાય છે.

**સમાજકલ્યાણ પ્રવૃત્તિ પ્રવૃત્તિઓ:**

સામાજિક સહકારને નાગતિકત્વ માટેની મહત્ત્વપૂણ માંગ તરીકે ઓળખવામાં આવે છે.તે શાળામાં ભાષા, ગણિત, સમાજ કે વિજ્ઞાન જેવા વિષયો દ્વારા શીખવું મુશ્કેલ બને છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓમાં સારા ગુણો, સારી સમજ અને સામાજિક સહકાર જેવા ગુણોનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓમાં કલબ, વિદ્યાર્થી કાઉન્સિલ,એથ્લેટિક ટીમ વગેરેના સભ્યપદ માટે સહકારની ભાવના હોવી જરૂરી છે. વિદ્યાર્થીઓ માટે સામાજિક જૂથ વ્યક્તિગત સંબધોની કદર શીખવે છે.

**ફુરસદના સમયની પ્રવૃત્તિઓ:**

આપણી વર્તમાન શિક્ષણ પદ્ધતિની ખામી એ છે કે વિદ્યાર્થીઓને ફુરસદના સમયનો ઉપયોગ કેવી રીતે  કરવો તેની યોગ્ય તાલીમ આપવામાં આવતી નથી. આવા

સમયે વિદ્યાર્થી પોતાનું જ્ઞાન વધે તેવી પ્રવૃત્તિઓ કરવાનું માર્ગદર્શન આપવું જોઈએ. વિદ્યાર્થીઓને જેમાં વધુ રસ હોય તેવી પ્રવૃત્તિઓ તેમને કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. તેથી આવી પ્રવૃત્તિઓને અભિરુચિ સંવર્ધક પ્રવૃત્તિઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓમાં વિવિધ પુસ્તકો વાંચવા, સ્ટેમ્પ ભેગા કરવા, સિક્કા ભેગા કરવા, ફોટોગ્રાફી કરવી, સારા લખાણોનું પેપરોમાંથી કટીંગ કરી તેનો સંગ્રહ કરવો, ચિત્રકળા, ટિકીટ સંગ્રહ વગેરેનો સમાવેશ થાય છે.

**પર્યટન પ્રવૃત્તિઓ:**

વિદ્યાર્થીઓને ઇતિહાસ,ભુગોળ,પ્રકુતિનો અભ્યાસ વગેરે જેવા વિષયો શીખવવા માટે જોવાલાયક સ્થળોએ પ્રવાસમાં લઈ જઈ અનુભવો પૂરા પાડવા જોઈએ. જેમાં વિવિધ જોવા લાયક સ્થળોએ પ્રવાસ, પિકનીક મ્યુઝીયમની મુલાકાત, પ્રદર્શન ગોઠવવા અને તેની મુલાકાત લેવી વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. આવી રીતે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવુ થોડું મુશ્કેલ છે પરંતુ તેમ છતાં આવા પ્રવાસ પર્યટન દ્વારા શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ અનુભવ મેળવે છે અને તેના દ્વારા શિક્ષણ મેળવે છે. તેથી તે વસ્તુ લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.

આમ, વિદ્યાર્થીઓને શિક્ષણમાં વિવિધ પ્રકારની સહભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપી શકાય છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ વધુ સારી રીતે અભ્યાસ કરી શકે છે અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ પણ શક્ય બને છે.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું મહત્ત્વ:** સહઅભ્યાસ પ્રવૃત્તિ વગરનું શિક્ષણ નિરર્થક લાગે છે. વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષણની સાથે સાથે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું ખૂબ મહત્ત્વ રહેલુ છે. જે નીચે મુજબ દર્શાવી શકાય છે.

- ❖ આ પ્રવૃત્તિઓ મોટે ભાગે વિદ્યાર્થીઓની જરૂરિયાત પૂરી કરવા તેમજ તેમની ક્ષમતાઓ અને પ્રતિભાને એક વ્યાપક શ્રેણીમાં આવરી લેવા માટે રચાયેલ છે.
- ❖ આવી કેટલીક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં રસ ઉતેજીત કરે છે અને વિદ્યાર્થીઓને સમાન તક પૂરી પાડે છે.
- ❖ આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના શિક્ષણ અનુભવો વધારવા તેમજ વિકાસશીલ નેતૃત્વની ગુણવતા વધારવા તેમજ સર્જનાત્મક અથવા કુશળતા જેમ કે આંતરિક કૌશલ્ય વધારવું વગેરેમાં મદદ કરે છે.
- ❖ સહઅભ્યાસ, પૂરક અને વધારાની અભ્યાસેતર પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને વિવિધ માર્ગદર્શન આપવા માટે મદદરૂપ છે. આ ઉપંરાત તેના દ્વારા વિદ્યાર્થીઓને પોતાના સર્જનાત્મક વિચારો વિચારવાની તક મળી રહે છે.
- ❖ આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે વ્યાવહારિક રીતે તૈયાર કરે છે.
- ❖ આ પ્રવૃત્તિઓ સામાન્ય અભ્યાસક્રમ શીખવે છે. આ ઉપરાંત આવી પ્રવૃત્તિઓ બાળકને વ્યવહારમાં પ્રાયોગિક જીવન માટે મદદ કરે છે.

- ❖ આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના આંતરિક વિકાસમાં સહાય કરે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વિવિધ તક માટે ટીમવર્ક શીખવે છે. જેથી વિદ્યાર્થીઓમાં ટીમ સ્પીરીટનો વિકાસ થાય છે.
- ❖ વિદ્યાર્થીઓમાં સંઘભાવના અને જૂથભાવનાનો વિકાસ થાય છે.
- ❖ વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતોને સંતોષી શકાય છે.
- ❖ વિદ્યાર્થીઓમાં સ્નેહ, ખેલદિલી, સમર્પણ, નિષ્ઠા વગેરે જેવા ગુણોનું સિંચન થાય છે. અને વિદ્યાર્થીઓના શારીરિક,માનસિક,સાંવેગિક અને આધ્યાત્મિક વિકાસ શક્ય બને છે.
- ❖ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસ પ્રેરી શકાય છે.

આમ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને શારીરિક રીતે સક્રિય બનાવે છે અને તેમની આંતરિક શક્તિઓને બહાર લાવવાનો પ્રયત્ન કરે છે. સી.બી.એસ.સી.ઇ શાળાઓમાં અઠવાડિયામાં એક કે બે તાસનો સમય આવી પ્રવૃત્તિઓ માટે સમયપત્રકમાં ફાળવેલ હોય છે અને કેટલીક શાળાઓમાં એસ.યુ.પી.ડબલ્યુ તરીકે ફાળવેલ હોય છે.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓની એક વિદ્યાર્થીના જીવનમાં ભૂમિકા:**

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના સર્વાંગિણ વિકાસ માટે વિવિધ ક્રિયા કરવા તેમજ ભવિષ્યના તોફાની વિશ્વમાં સામનો કરવામાં મદદ કરે છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પૂરા પાડે છે. તેમજ શાળાના પ્રયોજીત કાર્યક્રમો કરવામાં પણ મદદરૂપ થાય છે. સહઅભ્યાસ પ્રવૃત્તિનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને ભવિષ્યના સમય માટે યોગ્ય બનાવવાનો તેમજ તેમનામાં સ્પર્ધાત્મક ભાવના, સહકાર, નેતૃત્વ, ખંત, નિયમિતતા અને ટીમભાવના વગેરેનો વિકાસ કરવાનો છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી એક સારા સમાજનું નિર્માણ થઈ શકે છે. સાથેસાથે વિશ્વના વિવિધ હેતુઓ સિદ્ધ થઈ શકે છે. પર્યાવરણ જૂથ બનાવવા અંગે પણ આયોજન થઈ શકે છે.

આજના સ્પર્ધાત્મક વિશ્વમાં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે ઘણાં તફાવતો જોવા મળે છે. આવા સમયમાં એવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે કે જે આવી પ્રવૃત્તિઓમાં વધુ આગળ હોય કારણ કે આવા વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં બિનસહભાગી બનતા વિદ્યાર્થીઓ કરતા જુદા પડે છે. તેથી તેવા વિદ્યાર્થી વધુ લોકપ્રિય બને છે. આમ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના જીવનમાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે.

**સહઅભ્યાસ પ્રવૃત્તિઓના લાભ:**

સહઅભ્યાસ પ્રવૃત્તિઓના મહત્ત્વ વિશે તેમજ સમજ મેળવ્યા બાદ તેના લાભ વિશે ચર્ચા કરીએ. સહઅભ્યાસ પ્રવૃત્તિ દ્વારા થતા લાભ નીચે મુજબ છે.

**શૈક્ષણિક મૂલ્ય:**

આ પ્રવૃત્તિઓની મોટું શૈક્ષણિક મૂલ્ય છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા પ્રાયોગિક જ્ઞાન આપી શકાય છે. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ જોવાલાયક સ્થળોના પ્રવાસ દ્વારા પ્રત્યક્ષ માહિતી આપી શકાય છે. તેમજ વિવિધ અનુભવો પૂરા પાડી શકાય છે. ઈતિહાસ, ભૂગોળ, વગેરે વિષયોના અભ્યાસ માટે વર્ગખંડમાં અપાતા જ્ઞાનને મજબૂત બનાવે છે. વિવિધ સંસ્થાકિય કાર્યો અને ઉજવણી માટે વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસે છે. પ્રોજેક્ટ દ્વારા શીખવવાની સીધી તકો પૂરી પાડે છે.

**માનસિક મૂલ્ય:**

આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો માટે ઉપયોગી છે. તેમજ વિદ્યાર્થીઓનું વ્યક્તિગત વર્તન અભિવ્યક્ત કરવા અને તેમના સર્જનાત્મક વિચારો માટે એક વાહન તરીકે મદદરૂપ થાય છે. આ ઉપરાંત આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની સહજવૃતિના ઉર્ધ્વીકરણ માટે એજન્ટ તરીકેનું કાર્ય કરે છે.

**સામાજિક મૂલ્ય:**

સમાજ સહકાર એક નાગરિક માટે નાગરિકત્વના મહત્ત્વપૂર્ણ માર્ગ તરીકે ઓળખવામાં આવે છે. ભાષા, ગણિત અને સામાજિક વિજ્ઞાન જેવા શાળા દ્વારા શિખવવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને સારી રીતભાત શીખવે છે અને તેમને સમાજની સમૂહ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા કરે છે. તે ઉપંરાત સામાજીક જૂથ દ્વારા વિદ્યાર્થીઓ સામાજિક સહકાર શીખે છે. તેઓમાં જૂથ ભાવનાનો વિકાસ થાય છે. અને તેમનામાં લાગણી આત્મીયભાવ એકતા અને સહકારની ભાવના વિકસે છે.

**શારીરિક વિકાસ માટે જરૂરી:**

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની શારીરિક વિકાસ થાય છે. આવી રમતો જેવી કે એથ્લેટિક્સ દ્વારા વિદ્યાર્થીઓના ભૌતિક વિકાસ થાય છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના શરીર વિકાસ માટે પ્રત્યક્ષ અથવા આડકતરી રીતે ઉપયોગી થઇ પડે છે.

**સાંસ્કૃતિક વિકાસ માટે જરૂરી:**

સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક વારસો અને પરંપરાઓની સારી સમજણ પૂરી પાડે છે. દા.ત., નાટ્યશાત્ર, લોકગીતો, નૃત્ય, લોકસંગીત, પ્રદર્શનો અને વિવિધ ધાર્મિક અને સામાજિક તહેવારોની ઉજવણી વગેરે આવી પ્રવૃત્તિઓ વિવિધ સંસ્કૃતિ વિશે જ્ઞાન અને સમજ પૂરી પાડે છે. વિદ્યાર્થીઓ સહઅભ્યાસ પ્રવૃત્તિ દ્વારા સંસ્કૃતિની કદર કરતા શીખવે છે. તેમજ વિવિધ સંસ્કૃતિની ભાષા, ધર્મ, ખોરાક, વિશેષ પહેરવેશ વગેરે અલગ હોવા છતાં પણ એક છે તેમ માનતા થાય છે.

આમ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ શિક્ષણમાં અનેક રીતે ઉપયોગી છે. અને તેના વગર વિદ્યાર્થીઓનો સર્વાંગણ વિકાસ શક્ય બનતો નથી. વિદ્યાર્થીના જીવન ઘડતરમાં પણ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અનેક રીતે ઉપયોગી છે. જે તેના લાભ દ્વારા સાબિત થાય છે.